# પ્રથમ લેખિત કસોટી : ઑક્ટોબર - ૨૦૧૬

તારીખ : ૨૨/૧૦/૨૦૧૬ ધોરણ-૮ સમય : ૮:૦૦ થી ૧૧:૦૦

વાર : શનિવાર **વિષય : સામાજિક વિજ્ઞાન** કુલ ગુણ : ૮૦

**વિદ્યાર્થીનું નામ :** ______________________ બેઠક નંબર : ______

**સૂચનાઓ :** (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો.** (5)

(1) અમેરિકા ખંડના મૂળવતની કયા નામે ઓળખાય છે ?

(A) યલો ઈન્ડિયન (B) ઈન્ડિયન

(C) રેડ ઈન્ડિયન (D) બ્લ્યુ ઈન્ડિયન

(2) ઑક્સિજનના જલદપણાને કયો વાયુ મંદ કરે છે ?

(A) નાઈટ્રોજન (B) હિલિયમ

(C) કાર્બન ડાયોકસાઈડ (D) મિથેન

(3) બંધારણ સભાના અધ્યક્ષ કોણ હતા ?

(A) કે.એમ. મુનશી (B) ડૉ. રાજેન્દ્રપ્રસાદ

(C) શ્યામપ્રસાદ મુખર્જી (D) ડૉ. બી.આર. આંબેડકર

(4) 'સહાયકારી યોજના' કોણે અમલમાં મુકી ?

(A) ડેલહાઉસી (B) રીપન

(C) બેન્ટિક (D) વેલેસ્લી

(5) નદીમાં આવતા ધસમસતા પાણીના પ્રવાહને શું કહે છે ?

(A) જવાળામુખી (B) દુષ્કાળ

(C) પુર (D) વાવાઝોડું

Scanned by CamScanner

(બ) બંધ બેસતાં જોડકાં રચો. (4)

| વિભાગ-'અ' | વિભાગ-'બ' |
|---|---|
| (1) વૉરન હેસ્ટિંગ્ઝ | (P) સંસદનું ઊપલું ગૃહ |
| (2) રાજ્યસભા | (Q) પ્રણવમુખર્જી |
| (3) રાષ્ટ્રપતિ | (R) કલેકટરોએ મહેસુલ લેવું |
| (4) મંગલપાંડે | (S) 1857 ના સંગ્રામના પ્રથમ શહીદ |

**પ્રશ્ન-2 (અ) યોગ્ય શબ્દો વડે વિધાનોની ખાલીજગ્યા પૂરો.** (5)

(1) પ્લાસીનું યુદ્ધ __________ નું કાવતરું હતું.

(2) આપણા દેશમાં દર __________ વર્ષે સામાન્ય ચુંટણી થાય છે.

(3) CFC નું ઉત્સર્જન __________ ઉપકરણની વધુ થાય છે.

(4) ઝાંસીની રાણી __________ એ 1857 ના સંગ્રામમાં અંગ્રેજો સામે લડત આપી.

(5) ભૂસ્ખલનને કારણે __________ રેલવે વારંવાર ખોરવાઈ જાય છે.

**(બ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. ☐ માં ખરું કે ખોટું તેમ લખો.** (5)

(1) પ્લાસીના યુદ્ધમાં સિરાજ-ઉદ-દૌલાની જીત થઈ ☐

(2) મીઠું પાણી એ જલાવરણની ભેટ છે. ☐

(3) રાજ્યપાલશ્રી રાજ્યના બંધારણીય વડા છે. ☐

(4) પૃથ્વી સપાટી પર ભૂમિ વિસ્તાર કરતાં પાણીના વિસ્તારનું પ્રમાણ ઓછું છે. ☐

(5) ઈ.સ. 1860 માં ત્રણ યુનિવર્સિટીની સ્થાપના થઈ. ☐

**(ક) તમને આપવામાં આવેલા દુનિયાના રેખાંકિત નકશામાં નીચે આપેલી વિગતો યોગ્ય સંજ્ઞા કે નામ વડે દર્શાવો.** (5)

(1) ભારત

(2) શ્રીલંકા

(3) હિમાલય પર્વતમાળા

(4) હિંદમહાસાગર

(5) ચીન

Scanned by CamScanner

**પ્રશ્ન-3 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાકયોમાં લખો. (ગમે તે સાત)** (14)

(1) ભારતમાં સૌ પ્રથમ અને સૌથી છેલ્લે કઇ યુરોપિયન પ્રજાઓ આવી ?

(2) ભારતના બંધારણના મુખ્ય ઘડવૈયાઓ કોણ કોણ હતા ?

(3) ભૂસ્ખલન કેવા વિસ્તારમાં વધુ થાય છે ? શા માટે ?

(4) સતીપ્રથાના ક્રૂર રિવાજ પર કોણે પ્રતિબંધ મૂકયો ?

(5) 'આબોહવા' એટલે શું ?

(6) સંસદનાં મુખ્ય કાર્યો જણાવો.

(7) દિલ્લીના છેલ્લા મુઘલ બાદશાહ કોણ હતા ?

(8) ખરડો કાયદો કયારે બને છે ?

(9) અંગ્રેજોએ કયાં-કયાં રાજ્યો ખાલસા કર્યા હતાં ?

**(બ) શબ્દોની સમજ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) જીવાવરણ

(2) ધર્મનિરપેક્ષતા

(3) દાવાનળ

(4) ગ્લોબલ વૉર્મિંગ

**પ્રશ્ન-4 કારણો આપી વિધાનો પુરા કરો. (ગમે તે ચાર)** (12)

(1) યુરોપિયન પ્રજાને ભારતનો નવો જળમાર્ગ શોધવાની જરૂર પડે, કારણ કે .....

(2) વાતાવરણ દૂષિત થાય છે, કારણ કે .....

(3) મહારાજા રણજિતસિંહના સમયમાં અંગ્રેજોને પંજાબમાં સત્તા સ્થાપવામાં સફળતા ન મળી, કારણ કે .....

(4) ઈ.સ. 1857 નો સ્વાતંત્ર્ય સંગ્રામ વહેલો શરૂ થયો, કારણ કે .....

(5) ભારતીય હસ્ત ઉદ્યોગ અને ઉદ્યોગ ધંધા અંગ્રેજો સાથે હરીફાઈમાં ટકી ન શક્યા, કારણ કે .....

**પ્રશ્ન-5 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. (ગમે તે ચાર)** (16)

(1) ડેલ હાઉસીએ કરેલા સુધારાઓ લખો.

(2) તમે સંસદસભ્ય હોય તો શું-શું કાર્ય કરશો ?

Scanned by CamScanner

(3) ઈ.સ. 1857 નો સંગ્રામ કેમ નિષ્ફળ ગયો ?

(4) ગ્લોબલ વૉર્મિંગથી બચવાના ઉપાયો લખો.

(5) બકસરની લડાઈ શાથી થઈ ? તેનું શું પરિણામ આવ્યું ?

**(બ) ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** (8)

(1) મૃદાવરણ

(2) લોકશાહી શાસન પદ્ધતિ

(3) ઈ.સ. 1857 ના સ્વાતંત્ર્ય સંગ્રામ ઉદ્‌ભવનાં કારણો

Scanned by CamScanner